For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મહલી તલાવડી હત્યાકાંડનો ભેદ ઉકેલાયો, દીકરીના પ્રેમી સહિત બે આરોપીની ધરપકડ

# સગીર દીકરીએ જ પિતાની હત્યાનો પ્લાન ઘડ્યો, પ્રેમી દ્વારા ઊંઘમાં ચાકુના ઘા ઝીંકી નિર્મમ હત્યા

**સગીર દીકરીના ઇશારે પ્રેમીએ પિતાની હત્યા કરી, બારીમાંથી દીકરીએ જોયો મોતનો નજારો**



(પ્રતિનિધિ) વડોદરા, તા.20

પાદરા-ડભાસા રોડ પર મહલી તલાવડી ગામે થયેલી ચકચારજનક હત્યાનો ભેદ પોલીસે ઉકેલી લીધો છે. આ હત્યામાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે સગીર દીકરીએ જ પોતાના પિતાની હત્યાનો પ્લાન ઘડ્યો હતો અને તેના પ્રેમી દ્વારા પિતાને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતા. આ બનાવે સમગ્ર વિસ્તારમાં સન્નાટો ફેલાવી દીધો છે.

મહલી તલાવડી ખાતે રહેતા શનાભાઈ ચાવડા પોતાની પત્ની રમીલાબેન, 17 વર્ષની દીકરી અંશુ અને 15 વર્ષના દીકરા સાથે રહેતા હતા. અંશુનો ગામના યુવક રણજીત વાઘેલા સાથે પ્રેમસંબંધ હતો, જેને શનાભાઈએ સ્વીકાર્યો ન હતો. અગાઉ સગીર દીકરી પ્રેમી સાથે ભાગી જતા પિતાએ પોક્સો હેઠળ ફરિયાદ નોંધાવી હતી, જેના કારણે રણજીત વાઘેલા જેલ ગયો હતો.

### ગણતરીના કલાકોમાં આરોપીઓ ઝડપાયા

હત્યાની ફરિયાદ નોંધાતા પાદરા પોલીસ સહિત એલસીબીની ટીમોએ તપાસ શરૂ કરી હતી. સંયુક્ત ઓપરેશન દ્વારા ગણતરીના કલાકોમાં જ રણજીત વાઘેલા અને તેના સાગરીત ભવ્ય પરમારને ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસ વડા મુજબ, સગીર દીકરીના કહેવાથી તેના પ્રેમીએ પિતાની હત્યા કરી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. હાલ બંને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ ઘટનાએ પ્રેમસંબંધ, પરિવાર વિખવાદ અને કાયદાની ગંભીર ચેતવણીરૂપે સમગ્ર સમાજને ઝંઝોળી નાંખ્યો છે. - સુશીલ અગ્રવાલ, એસ.પી.

### ઊંઘમાં ચાકુના ઘા, બારીમાંથી દીકરીએ આખો બનાવ જોયો

જેલમાંથી જામીન પર છૂટ્યા બાદ રણજીત વાઘેલા અંશુ સાથે ફરી સંપર્કમાં આવ્યો. અંશુએ તેને ફોન પર જણાવ્યું કે તેના પિતા રાત્રે ઘરની બહાર ઓરડીમાં એકલા ઊંઘે છે. 18 ડિસેમ્બરની રાત્રે રણજીત વાઘેલા પોતાના સાગરીત ભવ્ય મહેશ વસાવા સાથે ચાકુ લઈને મહલી તલાવડી પહોંચ્યો. રેકી કર્યા બાદ ઊંઘી રહેલા શનાભાઈના છાતીના ભાગે ત્રણ ઘા મારી તેમની નિર્મમ હત્યા કરી દેવામાં આવી. આ દરમિયાન સગીર દીકરી બારીમાંથી પિતાની હત્યા થતી જોઈ રહી હતી.

### પહેલાં પણ હત્યાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો

પિતાને રસ્તામાંથી હટાવવાનો દીકરીનો ઈરાદો અગાઉ પણ સામે આવ્યો હતો. થોડા દિવસ અગાઉ અંશુએ પોતાના માતા-પિતાને ઊંઘની ગોળીઓ પીવડાવી હત્યાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ માતા જાગી જતા પ્લાન નિષ્ફળ રહ્યો હતો.

પુનરાવર્તિત ઘટનાઓ છતાં પરિણામ શૂન્ય : સ્થાનિક રહેવાસીઓ

# છાણીમાં મધરાતે ઝેરી દુર્ગંધનો આતંક, લોકોની ઊંઘ હરામ!

**ફાયર-ગેસ વિભાગની ડોર ટુ ડોર તપાસ છતાં રહસ્ય યથાવત – કંપનીઓ પર કેમિકલ ગેસ છોડવાના ગંભીર આક્ષેપ**



### સ્વાસ્થ્ય સાથે ખિલવાડ! – જીપીસીબીની ભૂમિકા પર સવાલ

ઘટનાથી ભયભીત થયેલા રહીશોએ વિસ્તારના કાઉન્સિલર પાસે રજૂઆત કરી હતી. કાઉન્સિલરે લોકોના સ્વાસ્થ્ય સાથે જોખમ ઊભું થતું હોવાની વાત કરી અને Gujarat Pollution Control Board (જીપીસીબી)ની નિષ્ક્રિય ભૂમિકાને વખોડી કાઢી હતી. રહીશોએ આક્ષેપ કર્યો કે ઉચ્ચ સ્તરે અનેકવાર ફરિયાદો છતાં અસરકારક કાર્યવાહી થતી નથી, જેના કારણે ઉદ્યોગો બેફામ બન્યા છે.

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરના છાણી વિસ્તારમાં આવેલા તરુણ નગરમાં મોડી રાત્રે અચાનક ફેલાયેલી ગેસની તીવ્ર અને અસહ્ય દુર્ગંધથી રહીશોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘરમાં બેઠા બેઠા શ્વાસ લેવામાં તકલીફ, માથાનો દુખાવો અને ગભરાટ અનુભવતા લોકોએ તાત્કાલિક તંત્રને જાણ કરી હતી. બનાવની જાણ થતાં ફાયર અને ગેસ વિભાગની ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી અને સમગ્ર વિસ્તારમાં ડોર ટુ ડોર તપાસ હાથ ધરી હતી. ફાયર અને ગેસ વિભાગના કર્મચારીઓએ ઘરોમાં રહેલી ગેસ લાઈનો, સિલિન્ડરો અને વાલ્વની સઘન તપાસ કરી હતી. જોકે, ક્યાંયથી ઘરેલુ ગેસ લીકેજ મળ્યું ન હતું. તપાસ બાદ લોકોનો આક્ષેપ વધુ મજબૂત બન્યો કે આસપાસ આવેલી ઔદ્યોગિક એકમોમાંથી મોડી રાત્રે કેમિકલ યુક્ત ગેસ છોડવામાં આવ્યો હોઈ શકે છે. સ્થાનિક રહીશોએ જણાવ્યું કે આવી દુર્ગંધની ઘટનાઓ છાણીમાં નવી નથી – અગાઉ પણ અલગ-અલગ સોસાયટીઓમાંથી ફરિયાદો ઉઠી ચૂકી છે.

વાયુ પ્રદૂષણની જનજીવન પર ઘેરી અસર

# લો વિઝીબિલિટીને કારણે દિલ્હી વડોદરા દિલ્હીની ફ્લાઈટ કેન્સલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

દિલ્હીમાં ખરાબ હવામાનની ભારે અસર હવાઈ મુસાફરી પર વર્તાઈ રહી છે. ઘણા સમયથી સતત ફ્લાઈટ રદ થવા સાથે કેટલીક એરલાઈન્સ કલાકો મોડી પડી રહી છે. ત્યારે, વડોદરા એરપોર્ટ ઉપર દિલ્હીમાં ખરાબ હવામાનને કારણે ઈન્ડિગોની 6E 5066/6662 દિલ્હી-વડોદરા-દિલ્હીની ફ્લાઈટ રદ કરવામાં આવી હતી.

દિલ્હી એરપોર્ટ વિસ્તારમાં વહેલી સવારે ફોગને લીધે ઝીરો વિઝીબિલિટીનો પ્રશ્ન સર્જાયો છે. જેને પગલે ડોમેસ્ટિક રૂટની અનેક ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી રહી છે. જેમાં દિલ્હી વડોદરા દિલ્હી રૂટની ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પૂર્વે ડીજીસીએના નવા નોટિફિકેશનને પગલે પાયલોટ અને ક્રૂમેમ્બરની ઉપલબ્ધિનો પ્રશ્ન સર્જાયો હતો. જેને કારણે ઈન્ડિગોની સંખ્યાબંધ ફ્લાઇટ રદ કરવાની નોબત આવી હતી. ત્યારે હવે ધીમે ધીમે તે પરિસ્થિતિ થાળે પડી રહી છે. તેવામાં હવે ખરાબ હવામાનને કારણે ફ્લાઈટ રદ થઈ રહી છે. નોંધનીય છે કે, શુક્રવારે સવારે પણ વડોદરાની દિલ્હી માટેની વિમાની સેવાને અસર થઈ હતી. વડોદરાથી સવારે ટેકઓફ કરતી એર ઈન્ડિયાની ફ્લાઈટ રદ કરાઈ હતી. બીજી તરફ વાતાવરણ જોતા એર ઈન્ડિયાની શનિવારની ફ્લાઈટ પણ રદ જાહેર કરી હતી. વડોદરાથી દિલ્હીની ફ્લાઈટ સવારે 7.50 કલાકે ટેકઓફ કરે છે. દિલ્હીમાં ખરાબ વાતાવરણને લીધે ફ્લાઈટ કેન્સલ થયાની જાહેરાત કરવામાં આવી હતી.

"અમે મધ્યમ વર્ગના છીએ, લૂંટાવા નથી માંગતા" મહિલાઓનો તીખો આક્રોશ

# તંત્રને સ્માર્ટ મીટરનું 'ભૂત' ફરી ધૂણ્યું નિઝામપુરામાં લોકોનો ઉગ્ર વિરોધ

**કર્મચારીઓએ કામગીરી પડતી મૂકી પરત ફરવું પડ્યું**



(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા શહેરમાં સ્માર્ટ મીટરને લઈને જનતાનો રોષ હજુ શમ્યો નથી ત્યાં ફરી એકવાર નિઝામપુરા વિસ્તારમાં સ્માર્ટ મીટર લગાવવાની કાર્યવાહી સામે ભડકો થયો હતો. શનિવારે સવારે નિઝામપુરા સ્થિત મેથોડિસ્ટ ચર્ચ કમ્પાઉન્ડમાં સ્માર્ટ મીટર બદલવા પહોંચેલી મધ્ય ગુજરાત વીજ કંપનીની ટીમનો સ્થાનિક રહિશોએ ઉગ્ર વિરોધ કર્યો હતો. પરિસ્થિતિ તંગ બનતા વીજ કર્મચારીઓએ કામગીરી અડધામાં છોડી પરત ફરવું પડ્યું હતું. સ્થાનિક રહિશોના જણાવ્યા અનુસાર, કોઈપણ પૂર્વ સૂચના વિના અચાનક શનિવારે સવારે મીટર બદલવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. કમ્પાઉન્ડમાં વર્ષોથી વસવાટ કરતા અંદાજે 16 પરિવારોના જૂના મીટર કાઢી સ્માર્ટ મીટર નાખવાની જબરજસ્તી થતાં લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. રહિશોએ એકત્ર થઈને કામગીરી અટકાવી હતી અને સ્થળ પર જ હોબાળો મચાવ્યો હતો. પરિસ્થિતિ વણસતા સ્થાનિકોએ તાત્કાલિક સ્થાનિક મહિલા કાઉન્સિલરને જાણ કરી હતી. કાઉન્સિલર સ્થળ પર પહોંચીને વીજ કર્મચારીઓ સાથે ઉગ્ર દલીલો કરી હતી. લોકોના એકસાથે થયેલા વિરોધ અને કાઉન્સિલરની રજૂઆત બાદ અંતે વીજ કંપનીની ટીમે કામગીરી પડતી મૂકી ત્યાંથી પરત ફરવું પડ્યું હતું. આ સમયે મહિલાઓનો આક્રોશ ખાસ જોવા મળ્યો હતો. મહિલાઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, અમે મધ્યમ વર્ગના લોકો છીએ. સ્માર્ટ મીટરના નામે લૂંટાવા નથી માંગતા. વધારાના બિલ અમને પોસાય તેમ નથી. રહિશોએ આક્ષેપ કર્યો હતો કે સ્માર્ટ મીટરમાં હજારોના બદલે લાખો રૂપિયાના બિલ આવવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે, જેના કારણે તેઓ ભયમાં છે. સ્થાનિક રહિશોએ વધુમાં જણાવ્યું હતું કે, તેમના જૂના મીટર સંપૂર્ણપણે યોગ્ય રીતે ચાલી રહ્યા છે અને હજુ એક વર્ષ પહેલા જ નવા મીટર લગાવવામાં આવ્યા હતા.

એવી સ્થિતિમાં ફરીથી સ્માર્ટ મીટર લાદવાનો પ્રયાસ અયોગ્ય છે. રહિશોએ કડક ચેતવણી આપતા જણાવ્યું હતું કે, ભવિષ્યમાં જો ફરીથી જબરજસ્તી સ્માર્ટ મીટર લગાવવાનો પ્રયાસ થશે તો સખત વિરોધ કરવામાં આવશે અને કર્મચારીઓને કમ્પાઉન્ડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

શનિવારે તાપમાન 13.2 ડીગ્રી નોંધાયું

# પવનોની દિશા બદલાતા ઠંડીના નવા રાઉન્ડની શરૂઆત થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

શિયાળાની ઋતુ ચાલી રહી છે. પરંતુ ઠંડીનું પ્રમાણ ડિસેમ્બર માસમાં સામાન્ય છે. દિવસના ગરમી અને વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. શનિવારે શહેરનું લઘુત્તમ તાપમાન 13.2 ડિગ્રી નોંધાયો હતું. જ્યારે મહત્તમ તાપમાન 32 ડિગ્રી રહ્યું હતું.આગામી 48 કલાક બાદ ઠંડીનું જોર વધવાની શકયતા વ્યક્ત કરવામાં આવી છે. હાલ રાજ્યના મોટા ભાગના વિસ્તારમાં હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. માત્ર વહેલી સવારે અને મોડી રાત્રે તાપમાનનો પારો એકાદ ડિગ્રી ગગડતાં ગુલાબી ઠંડીનો અનુભવ થાય છે. ડિસેમ્બરના 20 દિવસ વીતી ગયા છતાં હજુ કડકડતી ઠંડીનો અનુભવ નથી કર્યો. વડોદરા સહિત રાજ્યના મોટાભાગના શહેરોમાં દિવસનું તાપમાન 30 થી 32 ડીગ્રી વચ્ચે રહે છે. જેથી શિયાળામા પણ ઉનાળા જેવી ગરમીનો અનુભવ થાય છે. જો કે આ બધા વચ્ચે હવામાન નિષ્ણાતે ઠંડીની આગાહી કરી છે. આંકલન મુજબ જાન્યુઆરીમાં તાપમાનનો પારો ગગડતાં હાડ થીજાવતી ઠંડીનો અનુભવ થશે. ડિસેમ્બરના અંતથી જાન્યુઆરીમાં હાડ થીજાવતી ઠંડી પડશે. જાન્યુઆરીમાં કાતિલ ઠંડી પડે તેવી શક્યતા છે. 11 જાન્યુઆરી બાદ કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. પવનોની દિશા બદલાતા ઠંડીના નવા રાઉન્ડ માટે તૈયાર રહેવા નાગરિકોને સૂચના આપવામાં આવી છે. બીજી તરફ હિમાચલમાં બરફ વષાી થતાં અને ઉત્તર તરફથી ઠંડા પવનો વહેતા થવાથી ગુજરાતમાં ડિસેમ્બરનો અંત અને જાન્યુઆરીમાં કાતિલ ઠંડી પડી શકે છે.

ઉતરાયણને લઈ પોલીસ દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ તથા ગુબ્બારાના વેચાણ પર કાર્યવાહી

# ફતેગંજ પોલીસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સાથે એક શખ્સને ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

ઉતરાયણના તહેવાર પૂર્વે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સાથે એક શખ્સને ફતેગંજ પોલીસે ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી પોલીસે ચાઈનીઝ દોરીની 12 રીલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આગામી ઉત્તરાયણના તહેવાર દરમિયાન કેટલાક શખ્સો રૂપિયાની લાલચમાં આવીને પ્રતિબંધિત ચાઈનીઝ દોરા તેમજ ચાઈનીઝ ગુબ્બારાનુ વેચાણ કરતા હોય છે. ચાઈનીઝ દોરી જે સિન્થેટીક દોરી, નાયનોલ દોરી તથા ચાઈનિઝ પ્લાસ્ટીકની દોરી ઉપયોગમાં લેવાના કારણે ગંભીર અકસ્માત થવાની શક્યતા રહેલી છે. તહેવાર પૂર્વે તથા



પર્વ દરમિયાન પતંગ ઉડાડવા માટે ઘણા લોકો ચાઈનીઝ દોરા તેમજ પ્લાસ્ટીકના દોરાનો ઉપયોગ કરતા હોય જેના કારણે આવા દોરાથી ઘણા લોકોના ગળા કપાઈ જતા હોય છે અને કેટલાક લોકોના મૃત્યુ પણ થતા હોવાના ભુતકાળમાં બનાવો પણ બન્યા છે. આ ચાઈનીઝ દોરાઓ તેમજ ગુબારાઓના વેચાણ ઉપર તેમજ ચગાવવા ઉપર પ્રતિબંધ મુકવાનું વડોદરા શહેર પોલીસ કમિશ્નર દ્વારા જાહેરનામું કરાયું છે. જેને લઈ ફતેગંજ પોલીસની ટીમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન બાતમી મળી હતી કે કૈલાશપતિ મહા દેવ મંદિર પાસે આવેલ પારૂલ પાર્ક સોસાયટી નાકા પાસે એક ઈસમ થેલીમા ચાઈનીઝ દોરીની રિલ ભરીને ઉભો છે. પોલીસે બાતમી મુજબના સ્થળ પર જઈને બિપનભાઈ પ્રભુચંદ્ર જાની ( રહે. પટેલ પાર્ક સોસાયટી કૈલાશપતી મહાદેવ મંદિર પાસે ન્યુ સમા રોડ વડોદરા શહેરની હોવાનુ જણાવ્યુ હતું. જેથી તેની પાસેથી 12 ચાઈનીઝ પ્લાસ્ટીકના દોરા એકની કિંમત કી.રૂ.500 લેખે રૂપિયા 6 હજાર કબજે કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરાઈ છે.

જામ્બુઆ નજીક પાંચ લુંટારાઓ દ્વારા ટ્રક ચાલક લુંટવાનો પ્રયાસ

# વડોદરા નેશનલ હાઈવે પર ટ્રક ચાલકોને લૂંટતી ગેંગ ફરી સક્રિય થઈ

**ચાલક પાસેથી કાઇ નહી મળતા ચાલક પર હુમલો રકરી ગેંગ ફરાર થઇ**

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

નેશનલ હાઈવે પર ફરી લુંટર કરતી ગેંગ સક્રિય થઈ છે. ધોળા દિવસે જામ્બુઆ બ્રિજ પર કારમાં આવેલા ચાર પાંચથી લુંટારુઓ ટ્રકમા ચડી ગયાં હતા અને ચાલકને લુંટવાનો પ્રયાસ કર્યો હતો. તેરે પાસ જો કુછ ભી હે હમે તેમ કહ્યું હતું. પરંતુ ચાલક પાસે રૂપિયા ન હોય તેના પર હુમલો કરી ફરાર થઈ ગયાં હતા. જેથી ચાલકે 108 એમ્બ્યુલન્સને ફોન કરતા ગાડી આવી તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જેથી ચાલકે ફરિયાદ નોધાવવા તજવીજ હાથ ધરી છે. લુંટારાઓને હવે પોલીસનો કોઈ પ્રકારનો ડર રહ્યો ન હોય તેમ ધોળા દિવસે પણ લુંટ કરતા ગભરાતા નથી. ત્યરે વડોદરા શહેર નજીકથી પસાર થતા નેશનલ હાઈવે 48 પર ટ્રક ચાલકોને લૂંટ ગેંગ ફરીસક્રિય થઈ છે. હાઈવે પર જામ્બુઆ બ્રિજ પરથી ટ્રક ચાલક પસાર થતા હતા ત્યારે સફેદ કલરની કારમાં ચારથી પાંચ જેટલા લુંટારાઓ ધસી આવ્યાં હતા ત્યારબાદ ચાલકનાટ્રકની આગળ કાર ઉભી રાખી હતી. ત્યારબાદ ચારથી પાંચ જેટલા લુંટારા તેમના ટ્રકમાં ચડી ગયાં હતા. ત્યારબાદ ચાલકને તેરે પાસ જો કુઝ ભી હે વો મુઝે દેદે વરના તુઝે મારેગે તેમ કહ્યું હતું. દરમિયાન ચાલકનું રૂપિયા રાખવાનું પર્સ સામે પડ્યુ હોય તે લુંટારાઓએ લઈ લીધુ હતું અને ચેક કર્યું હતુ. પરંતુ તેમા કાઈ ન હતું. જેથી ચાલકે તેની પાસે કોઈ રૂપિયા નથી તેમ કહેતા ધોળા દિવસે લુંટવા માટે આવેલા લુંટારાઓએ અકળાઈને ચાલક પર હુમલો કર્યો હતો.

એમએસયુમાં સિનિયર દ્વારા જુનિયર વિદ્યાર્થીની પજવણી અને મારપીટ

# પોલીટેકનિક કોલેજનો વીડિયો વાયરલ થતા સમગ્ર મામલે તપાસ કમિટી રચાઈ

**ઘટના બાદ વિદ્યાર્થી સંગઠનો પણ મેદાને ,એકબીજા પર આક્ષેપ**



(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરાની વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ફરી એકવાર વિવાદના વંટોળમાં આવી છે. યુનિવર્સિટીની પોલિટેકનિક કોલેજમાં સિનિયર દ્વારા જુનિયર વિદ્યાર્થીની પજવણી અને મારપીટનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા ભારે ચકચાર મચી ગઈ છે. સિવિલ વિભાગના ક્લાસરૂમમાં બનેલી આ ઘટનામાં સિનિયર વિદ્યાર્થી જુનિયર પર અભદ્ર વર્તન કરી રહ્યો છે, અપશબ્દો બોલી રહ્યો છે અને અંતે ઝાપટ પણ મારી દેતા કેમ્પસમાં તણાવના માહોલ સર્જાયા હતા.

વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે માત્ર બેન્ચ પર પગ પર પગ ચઢાવીને બેસવાના મુદ્દે આ વિવાદ એટલો વધ્યો કે સિનિયર વિદ્યાર્થી જુનિયર પર તૂટી પડ્યો હતો. આ ઘટનાને રેગિંગ અને શારીરિક હિંસાનું તાજું ઉદાહરણ ગણાવાઈ રહ્યું છે. યુનિવર્સિટી સુરક્ષા માટે દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરતી હોવા છતાં આવી ઘટનાઓ બહાર આવતાં અનેક સવાલો ઊભા થયા છે કે શું શિક્ષણનું મંદિર રાજકીય અખાડામાં ફેરવાઈ રહ્યું છે? ઘટના બાદ વિદ્યાર્થી સંગઠનો પણ મેદાને આવી ગયા છે. એનએસયુઆઈએ આક્ષેપ કર્યો છે કે, માર મારનાર વિદ્યાર્થી એબીવીપી સાથે જોડાયેલો છે અને પ્રિન્સિપાલને રજૂઆત કરીને જવાબદાર વિદ્યાર્થીને સસ્પેન્ડ કરવાની માંગ કરી છે.

બીજી તરફ એબીવીપીએ વિરોધમાં નિવેદન આપ્યું છે કે, જો આરોપી વિદ્યાર્થી તેમનો કાર્યકર્તા હશે તો સંસ્થા પોતે જ તેની સામે કડક કાર્યવાહીની માંગ કરશે અને રસ્ટિકેટ કરવાની ભલામણ પણ કરશે.

પાલિકાની શાળાઓ બની પસંદગી : હવે વાલીઓ કોર્પોરેશનની શાળાઓ તરફ વળ્યા

# વડોદરાની ખાનગી શાળાઓની મોંઘી ફીથી વાલીઓ હેરાન

**એડમિશનમાં 14% ઉછાળો; ત્રણ વર્ષમાં 3252 વિદ્યાર્થીઓએ ખાનગી શાળાને કહ્યું 'બાય-બાય'**

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા શહેરના શિક્ષણ ક્ષેત્રે એક મોટું અને નોંધપાત્ર પરિવર્તન સામે આવ્યું છે. વર્ષો સુધી ખાનગી અંગ્રેજી માધ્યમની શાળાઓ તરફ દોટ મૂકતા વાલીઓ હવે મસમોટી ફીથી કંટાળી પાલિકાની શાળાઓ તરફ વળ્યા છે. પરિણામે Vadodara Municipal Corporation સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની અંગ્રેજી માધ્યમની શાળાઓમાં પ્રવેશ માટે વાલીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં એડમિશનમાં અંદાજે 14 ટકાનો નોંધપાત્ર વધારો નોંધાયો છે.



### કોરોનાકાળ પછી બદલાયેલી પરિસ્થિતિ, ફી બની મોટો મુદ્દો

કોરોનાકાળ બાદ વાલીઓની આર્થિક સ્થિતિ પર મોટો અસર પડી છે. ખાનગી શાળાઓમાં વાર્ષિક ફી 25 હજારથી શરૂ થઇને 1.50 લાખ સુધી પહોંચતા મધ્યમ અને શ્રમિક વર્ગ માટે બાળકોનું શિક્ષણ ભારરૂપ બન્યું છે. તેની સામે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા અંગ્રેજી માધ્યમમાં તદ્દન મફત અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં આવતા વાલીઓ માટે આ શાળાઓ આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

### અંગ્રેજી માધ્યમની શાળાઓમાં 'હાઉસફુલ' જેવી સ્થિતિ

- 2023-24 : 827 વિદ્યાર્થીઓ
- 2024-25 : 1098 વિદ્યાર્થીઓ
- 2025-26 (હાલ સુધી) : 1327 વિદ્યાર્થીઓ

આ રીતે ત્રણ વર્ષમાં કુલ 3252 વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓ છોડી પાલિકાની શાળાનો હાથ પકડ્યો છે.

### અંગ્રેજી માધ્યમની શાળાઓમાં 'હાઉસફુલ' જેવી સ્થિતિ

હાલ વડોદરામાં શિક્ષણ સમિતિ હેઠળની 6 અંગ્રેજી માધ્યમની શાળાઓ કાર્યરત છે. ગત વર્ષે જ્યાં કુલ 1754 વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા, ત્યાં ચાલુ વર્ષે આ સંખ્યા વધીને 2017 પર પહોંચી ગઈ છે. વિદ્યાર્થીઓના ભારે ધસારાને કારણે કેટલીક શાળાઓમાં તો વેઇટિંગ લિસ્ટ પણ મૂકવી પડી છે.

### પાલિકાનો મહત્વનો નિર્ણય, વધુ 5 નવી અંગ્રેજી શાળાઓ

વાલીઓના વધતા વિશ્વાસ અને ભારી માંગને ધ્યાનમાં રાખીને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ આગામી શૈક્ષણિક વર્ષમાં શહેરના વિવિધ વિસ્તારોમાં વધુ 5 નવી અંગ્રેજી માધ્યમની શાળાઓ શરૂ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. આ પગલાથી હાલ ચાણક્ય, પંડિત દીનદયાળ ઉપાધ્યાય, કવિ દુલા કાગ, પ્રમુખસ્વામી મહારાજ, કુબેરેશ્વર અને ડોંગરેજી મહારાજ જેવી શાળાઓમાં પ્રવેશ માટે વાલીઓની લાંબી કતારો જોવા મળી રહી છે.

### આંકડાની નજરે શિક્ષણ સમિતિનો દબદબો

- કુલ વિદ્યાર્થી સંખ્યાઃ 1754 2017
- એડમિશનમાં વૃદ્ધિઃ એક જ વર્ષમાં ₹14%
- ખાનગી શાળાનો ત્યાગઃ 3 વર્ષમાં 3252 વિદ્યાર્થીઓ
- વેઇટિંગ લિસ્ટઃ કવિ દુલા કાગ - 120
- ચાણક્ય - 70
- ફીનો તફાવતઃ ખાનગી 25,000 થી 1.50 લાખ સામે અહીં શિક્ષણ મફત

'ઝેરીલી હવા' થી વડોદરાને બચાવવા પાલિકા મેદાને

# ધૂળ ઉડાડતા બિલ્ડરો સામે આગામી દિવસોમાં કડક દંડનીય કાર્યવાહી

**કમિશનરની સ્પષ્ટ સૂચના વિકાસના નામે લોકોના સ્વાસ્થ્ય સાથે બાંધછોડ ચલાવી લેવામાં નહીં આવે**

### આગામી દિવસોમાં કડક મોનીટરીંગ

મ્યુનિસિપલ કમિશનરે સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે કે હવા પ્રદૂષણ ઘટાડવા માટે ટૂંક સમયમાં જ નવી અને કડક માર્ગદર્શિકા અમલમાં મૂકવામાં આવશે. "શહેરના નાગરિકોના સ્વાસ્થ્ય સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. પ્રદૂષણ ફેલાવતા એકમો અને સાઇટ્સ સામે આગામી દિવસોમાં દંડનીય કાર્યવાહી સાથે કડક મોનીટરીંગ વધારવામાં આવશે. -મ્યુ કમિશનર

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી હવાની ગુણવત્તામાં થઈ રહેલા ઘટાડા અને વધતા પ્રદૂષણને ગંભીરતાથી લઈને આજે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની વડી કચેરી ખાતે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં પ્રદૂષણ નિયંત્રણ માટેના ભાવિ રોડમેપ અને કડક અમલીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.



આ બેઠકમાં માત્ર પાલિકાના અધિકારીઓ જ નહીં, પરંતુ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ના ઉચ્ચ અધિકારીઓ અને ક્રેડાઈ બિલ્ડર ગ્રુપના અગ્રણીઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શહેરમાં વધી રહેલા PM 2.5 અને PM 10 ના સ્તરને ઘટાડવા માટે તમામ પક્ષોનો સહયોગ મેળવવાના આશયથી આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા મહાનગરપાલિકા અને GPCB ના સંયુક્ત પ્રયાસોથી હવે બાંધકામ ક્ષેત્રે પર્યાવરણના નિયમોનું પાલન કરવું અનિવાર્ય બનશે. જો બિલ્ડરો માર્ગદર્શિકાનું પાલન નહીં કરે, તો બાંધકામ અટકાવવા સુધીના પગલાં લેવાની પણ સંભાવના છે.